# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

- ૦૨૬૧-૨૬૬૨૯૦૨

:- suratdeo@gmail.com web :-www.suratdeo.or


જા.નં.મા-૨/૨૦૨૫/2132 તા.૦૪/૦૩/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,તમામ
સુરત.જિ.સુરત

આ સામેલ મદદનીશ કમિશ્નર આદિજાતિ વિકાસની કચેરી, સી-બ્લોક છઠ્ઠો માળ, બહુમાળી ભવન, નાનપુરા,સુરતના તા.૦૩/૦૩/૨૦૨૫ના પરિપત્ર સંદર્ભે પોસ્ટ મેટ્રીક સ્કોલરશીપ માટે જાણ તથા અમલ સારુ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિ.સુરત

બિડાણ :- ઉકત પરિપત્રની નકલ

અગત્યનું

નંમક/આવિ/સ્કોલરશીપ/૧૧૦૩થી૧૧૦૮/૨૦૨૫
મદદનીશ કમિશ્નર આદિજાતિ વિકાસની કચેરી
સી-બ્લોક છઠ્ઠો માળ બહુમાળી ભવન
નાનપુરા સુરત
ફોન નં./ફેક્સ નં. (૦૨૬૧) ૨૪૭૬૧૮૧
Mail ID : vosurat@gmail.com
તા. 0૩/0૩/૨૦૨૫

પ્રતિ,

(૧) રજીસ્ટ્રારશ્રી, વી.એન.એસ.જી.યુ. ઉધના મગદલ્લા રોડ, સુરત
(૨) ડીનશ્રી, ઉકા તરસાડીયા યુનિ., બારડોલી-મહુવા રોડ, સુરત
(૩) ડીનશ્રી, પી.પી.સવાણી યુનિ., કોસંબા, તા.માંગરોળ. સુરત
(૪) ડીનશ્રી, ભગવાન મહાવીર યુનિ., ભરથાણા- વેસુ, સુરત
(૫) આચાર્યશ્રી, સુરત ગ્રામ્ય તથા સીટી વિસ્તારની તમામ કોલેજો, જિ.સુરત
(૬) આચાર્યશ્રી, સુરત ગ્રામ્ય તથા સીટી વિસ્તારની તમામ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ, જિ.સુરત

વિષય- આદિજાતિના વિદ્યાર્થીઓની વર્ષ- ૨૦૨૩-૨૪ ની પોસ્ટ મેટ્રીક સ્કોલરશીપ માટે ડીજીટલ ગુજરાત પોર્ટલ રી ઓપન થવા બાબત

સંદર્ભ- માન. સંયુક્ત કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, ગુ.રા., ગાંધીનગરના પત્ર નં.આ.વિ/ શિક્ષણ/ ફા.નં૧૨૮૨(ભા-૨)/૨૦૨૪-૨૫/૧૯૯ થી ૨૧૯ તા.૨૭/૨/૨૫

સવિનય ઉપરોક્ત વિષય અંગે જણાવવાનું કે, સંદર્ભદર્શી પત્રથી ૨૦૨૩-૨૪ના વર્ષ માટે સ્કોલરશીપ નું ફોર્મ ભરવાનું ચુકી ગયેલા આદિજાતિના વિદ્યાર્થીઓ માટે ડીજીટલ ગુજરાત પોર્ટલ રી ઓપન થવા અંગેની સુચના આપવામાં આવેલ છે. જેથી આપની સંસ્થામાં જો કોઇ વિદ્યાર્થી સદર વર્ષ માટે સ્કોલરશીપનું ફોર્મ ભરવાનું ચુકી ગયેલ હોય તો વિદ્યાર્થીનો સંપર્ક કરી પોર્ટલ રી ઓપન થવા અંગેની માહિતી આપવી તેમજ નીચેના મુદ્દાઓનું પાલન કરવુ.

(૧) તા. ૬/૭-૩-૨૦૨૫, તા.૨૦/૨૧-૩-૨૦૨૫ તથા તા. ૨૭-૨૮/૩/૨૦૨૫ (કુલ-૬ દિવસ) ના સમયગાળા માટે ડીજીટલ ગુજરાત પોર્ટલ ઓપન થશે. ત્યારબાદ વર્ષ-૨૦૨૩-૨૪ ની સ્કોલરશીપ માટે હવે પછી પોર્ટલ રી ઓપન કરવામાં આવશે નહિ. આથી, જો આ સમયગાળા દરમિયાન સ્કોલરશીપનું ફોર્મ નહિ ભરવામાં આવે તો તે અંગેની જવાબદારી અત્રેની કચેરીની રહેશે નહિ.

(૨) સદર વર્ષ માટે ડીજીટલ ગુજરાત પોર્ટલ માત્ર GSWAN કનેક્ટીવીટી સાથે જ ખોલવામાં આવનાર હોવાથી અત્રેની કચેરીએથી ફોર્મ ભરી શકાશે ખાનગી ઇન્ટરનેટ પર ઓનલાઇન ફોર્મ ભરી શકાશે નહિ.

(૩) જે શૈક્ષણિક સંસ્થાના વિદ્યાર્થીઓએ ફોર્મ ભરવાનું હોય તે શૈક્ષણિક સંસ્થાએ પોતાના વિદ્યાર્થીઓની સાથે પોતાના કોમ્પ્યુટર ઓપરેટર કે જે ડીજીટલ પોર્ટલ પર ફોર્મ ભરી શકે તેને પણ અત્રેની કચેરીએ મોકલવાના રહેશે.

(૪) સંસ્થા/ વિદ્યાર્થીઓએ ફોર્મ ભરવા આવતા પહેલા અત્રેની કચેરીને એક દિવસ અગાઉ ટેલિફોનિક સંદેશાના માધ્યમથી આગોતરી જાણ કરવાની રહેશે જેથી સંસ્થા માટે અત્રેની કચેરી દ્વારા જરૂરી સુવિધા ઉપલબ્ધ કરી શકાય તેમજ સંસ્થાએ વિદ્યાર્થીઓની યાદી, સ્કોલરશીપ અંગેના જરૂરી પુરાવાઓની પ્રમાણિત નકલ( હાર્ડ કોપી અને સ્કેન કરેલી સોફ્ટ કોપી) સાથે હાજર રહેવું.

1220

(૫) ડીજીટલ ગુજરાત પોર્ટલ પર લોગ-ઇન થવા, ફોર્મ સબમિટ કરવા માટે OTP ની જરૂરિયાત હોવાથી વિદ્યાર્થીએ પોર્ટલ પર રજીસ્ટર્ડ કરેલ મોબાઇલ નંબર પર SANDES APPLICATION ડાઉનલોડ કરી રાખવી.

ખાસ નોંધ- વર્ષ-૨૦૨૩-૨૪ માટે સ્કોલરશીપના ઓનલાઇન ફોર્મ ભરવાની આ અંતિમ તક હોવાથી આપની સંસ્થાના કોઇ વિદ્યાર્થી બાકી રહી ન જાય તેની ખાસ કાળજી રાખવી. ત્યારબાદ કોઇપણ સંજોગો માં ડીજીટલ ગુજરાત પોર્ટલ રી ઓપન કરવામાં આવશે નહિ.

મદદનીશ કમિશ્નર
આદિજાતિ વિકાસ-સુરત